# મહુધા તાલુકાના સણાલી ગામ ખાતે કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા પ્રાકૃતિક ખેતી તાલીમ કાર્યક્રમ યોજાયો

આણંદ કૃષિ યુનિવર્સિટી, કૃષિસંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા મહુધા તાલુકાના સણાલી ગામ ખાતે આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયા સાહેબના માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક ખેતી તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ડૉ. ભરતભાઇ ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રી, કૃષિસંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા પ્રાકૃતિક ખેતીના જીવામૃત, બીજામૃત, ઘનામૃત, અગ્નીઅસ્ત્ર, અને બ્રહ્માસ્ત્ર બનાવવાની પધ્ધતિ, ખેત વ્યવસ્થાપન અને મૂલ્યવર્ધન વિષે માહિતી આપેલ હતી ત્યારબાદ ખેડૂતના ખેતર પર પ્રાકૃતિક બાજરીનું નિદર્શન કરાવેલ હતું. આ તાલીમ કાર્યક્રમમાં મદદનીશ ખેતી નિયામકશ્રી, વિસ્તરણ અધિકારી, ૧૩ ગ્રામસેવકો અને ૩૧ ખેડૂતોએ ખૂબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો



